*સ્વચ્છ ભારત મિશન અંતર્ગત SBCC(Social and Behavioral Change Communication)અને GUJCATS(Gujarat Community Approach to Total Sanitation)ની કામગીરી સાથે સંકળાયેલ વ્યક્તિઓને પ્રોત્સાહક રકમ ચુકવવા બાબત.*

**ગુજરાત સરકાર**

**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**ઠરાવ ક્રમાંક:એસબીએમ/૧૦૨૦૧૬/૩૯૯૨૮૭/ખ-૨**

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૨૨/૦૭/૨૦૧૬**

**વંચાણે લીધાં:**

**૧. સ્વચ્છ ભારત મિશન ( ગ્રામીણ) નીગાઇડ લાઇન્સ,૧૮ ડિસેમ્બર, ૨૦૧૪**

**આમુખ :**

દેશના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા.૨જી ઓક્ટોબર,૨૦૧૪ના રોજ સ્વચ્છ ભારત મિશન-(ગ્રામીણ)ની ઘોષણા કરવામાં આવી છે.આ મિશનનો ઉદ્દેશ્ય સમગ્ર દેશના તમામ ગ્રામીણ વિસ્તારોને તા.૨જી ઓક્ટોબર,૨૦૧૯ સુધીમાં ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત બનાવી મહાત્મા ગાંધીજીને તેમની ૧૫૦મી જન્મ જયંતિએ સાચા દિલથી શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો છે.

માન.વડાપ્રધાનશ્રીના આહવાનને અનુલક્ષી ગુજરાત રાજ્યે પણ ગુજરાતના તમામ ગ્રામીણ વિસ્તારોને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત બનાવવાદ્દઢ નિર્ધાર કરેલ છે.

આ નિર્ધાર અન્વયે કમિશ્નર,ગ્રામ વિકાસની કચેરી દ્વારા SBCC(Social and Behavioral Change Communication)તથા GUJCATS(Gujarat Community Approach to Total Sanitation)ની ઘનિષ્ઠ અને સર્વગ્રાહી કાર્યવાહી અભિયાન સ્વરૂપે હાથ ધરવામાં આવી છે.આકાર્યવાહીનો ઉદ્દેશ સમાજમાં જનજાગૃતિ આણી ગ્રામ્ય કક્ષાએ લોકોદ્વારા આ કાર્યક્રમને શૌચાલય બનાવવા અને બનેલ શૌચાલયનો સંપૂર્ણ ઉપયોગ કરવા પ્રેરણા આપવાનો છે.

આ અભિયાનના ભાગરૂપે પ્રથમ તબક્કે તા.૩૦/૦૫/૨૦૧૬થી તા.૦૩/૦૬/૨૦૧૬ દરમ્યાન SBCC-સોશ્યલ એન્ડ બિહેવિયરલ ચેન્જ કોમ્યુનિકેશન- તથા GUJCATS-ગુજરાત કોમ્યુનિટી એપ્રોચ ટુ ટોટલ સેનિટેશન-ના

નામાભિધાન સાથે પાંચ દિવસની ઘનિષ્ઠ તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું.આ તાલીમમાં આંતર રાજ્ય તજજ્ઞો દ્વારા રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓને આવરી લઈ જિલ્લા દીઠ ૨૦ ડિસ્ટ્રિક્ટ રિસોર્સ પર્સન્સ-District Resource Persons-(DRPs)ને ગ્રામ પંચાયત કક્ષાએ પ્રિટ્રિગરિંગ,ટ્રિગરિંગ,નિગરાની-દેખરેખ-સમિતિની રચના,શૌચાલયના બાંધકામની શરૂઆત,તેના માટેના તાંત્રિક વિકલ્પો,લાભાર્થીની પસંદગી મુજબના શૌચાલયનું બાંધકામઅને 100% શૌચાલય યુક્ત ગ્રામ પંચાયતોના નિર્માણ અને શૌચાલયના ૧૦૦% ઉપયોગની તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમ્યાન ગ્રામ પંચાયતને માત્ર બેઝલાઇન સર્વે મુજબ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત બનાવવાને બદલે જરૂરી વ્યાવહારિક-પ્રેક્ટિકલ-માર્ગદર્શન આપી તેને સાચા અર્થમાં ખુલ્લામાં શૌચ ક્રિયા મુક્ત-ODF- બનાવવાનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

પ્રશિક્ષણના બીજા તબક્કામાં રાજ્ય કક્ષાએથી પ્રશિક્ષિત કરેલ જિલ્લા દીઠ ૨૦ રિસોર્સ પર્સન્સ (DRPs)એ તાલુકા કક્ષાએ ૧૦૦ ટ્રીગરિંગ લીડરોના ૧૦૦ કોમ્યુનિટી ફેસીલિટેટર્સને સોશ્યલ એન્ડ બિહેવરિયલ ચેન્જ કોમ્યુનિકેશન/ગુજરાત કોમ્યુનિટી એપ્રોચ ટુ ટોટલ સેનિટેશન અંતર્ગત પ્રશિક્ષણ આપવાના ભાગ રૂપે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી:

(૧)ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સભા/પંચાયત સભાનું આયોજન કરી લોકોને શૌચાલયનું બાંધકામ કરવા,તેનો ૧૦૦% ઉપયોગ કરવા,તેની જાળવણી કરવા સાથે તેના આરોગ્યવિષયક,આર્થિક અને સામાજિક-માનવીય ગરિમાનાં લાભ સમજાવી મન બનાવવાની કાર્યવાહી હાથ ધરવી.

(૨)નિગરાની-દેખરેખ-સમિતિની રચના:ગ્રામ્ય કક્ષાએ ખુલ્લામાં શૌચક્રિયા કરતાં લોકોને ગાંધી ચીંધ્યા માર્ગે પ્રેમપૂર્વક સાચી સમજ આપવાની તકેદારી રાખવી.

(૩)વિલેજ મેપિંગ-બેઝલાઇન સર્વે મુજબ દરેક ગામમાં શૌચાલય ધરાવતાલાભાર્થીઓ,બેઝલાઇનના સર્વે સિવાયનાશૌચાલયવિહોણા લાભાર્થીઓ,દબાણવાળા અને વાડી વિસ્તારમાં વસતા લાભાર્થીઓના શૌચાલય બાંધકામ માટેની જરૂરી વ્યવસ્થા તથા ગ્રામ્ય કક્ષાએ ખુલ્લામાં થતી શૌચક્રિયાના સ્થળોની માહિતી એકત્ર કરી,ગામને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત-Open Defecation Free-ODF- બનાવવા માટે યોગ્ય વ્યૂહરચનાનું ઘડતર.

(૪)શૌચાલય બાંધકામ અને ઉપયોગ :સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત લોકોની મુલાકાતલઈ તેમને પ્રોત્સાહિત કરી શૌચાલયનું બાંધકામ શરૂ કરવા તથા જે લોકો શૌચાલય ધરાવતા હોય તેઓ શૌચાલયનો પૂરેપૂરો ઉપયોગ કરે તે માટે ધ્યાન દોરી પ્રેરિત કરવા.

(૫)બાંધકામની ગુણવત્તાનું નિરીક્ષણ : સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) હેઠળ તાલુકા કક્ષાએ ફરજ બજાવતા એન્જીનીયરો દ્વારા ગ્રામ્ય સુખાકારી સમિતિને સંપૂર્ણપણે સક્રિય બનાવી શૌચાલયની ગુણવત્તા,બે શોષ ખાડા અને

સુપરસ્ટ્રક્ચર ધરાવતા શૌચાલયનાં બાંધકામ માટે સમજણ આપી ધ્યાન દોરી ગુણવત્તાયુકત શૌચાલયનું નિર્માણ થાય તે માટે લાભાર્થીઓને પ્રેરિત કરવા.

આ કામગીરી સાથે સંકળાયેલ ડિસ્ટ્રિક્ટ રિસોર્સ પર્સન્સ(DRPs)જેમકે સમરસ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ,બ્લોક રિસોર્સ કો-ઓર્ડિનેટર્સ /કલસ્ટર રિસોર્સ કો-ઓર્ડીનેટર્સ ,સ્વ-સહાય જુથની મહિલાઓ, RSETIદ્વારા તાલીમબધ્ધ થયેલ સ્વચ્છતા શિલ્પી બહેનો,આશા વર્કરો (Asha) ગ્રામ રોજગાર સેવકો,જિલ્લા કક્ષાના ટીમ લીડરો,કોમ્યુનિટી ફેસિલિટેટરોએ ગ્રામ પંચાયત કક્ષાએ તમામ કુટુંબોને આવરી લઈકરેલ ઘનિષ્ઠ કામગીરી માટે પ્રોત્સાહક રકમ આપવાની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

રાજય સરકાર પુખ્ત વિચારણાના અંતે સોશ્યલ અને બિહેવિયરલ ચેન્જ કોમ્યુનિકેશન તથા ગુજરાત કોમ્યુનિટી એપ્રોચ ટૂ ટોટલ સેનિટેશન હેઠળ તાલીમ/આઇ.સી.પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વ્યક્તિઓ દ્વારા આપવામાં આવેલ તાલીમ અને હાથ ધરવામાં આવેલ ઉક્ત પ્રવૃત્તિઓનો આઇ. ઈ. સી. યોજના ના એકશન પ્લાનમાં સમાવેશ કરાયેલ હોવાની શરતને આધીન પ્રોત્સાહક રકમ ચુકવવા નીચે મુજબ ઠરાવે છે :

**(૧)**આ ઠરાવ સાથેના એનેક્ષચર-૧ માં દર્શાવેલ વ્યક્તિઓને તેમણે પૂરા કરેલ રાઉન્ડ અને દિવસોની ખરેખર સંખ્યાનાં પ્રમાણે દિવસ દીઠ પ્રોત્સાહક રકમ ચુકવવાની રહેશે.

**(૨)**આ રકમની ચુકવણી નીચે મુજબ ત્રણ ભાગમાં કરવાની રહેશે:

**(અ)**પ્રોત્સાહક પુરસ્કારની ૩૦% રકમ ટ્રિગરીંગ પ્રવૃત્તિઓ અંતર્ગત એસબીસીસી અને ગુજકેટસના તમામ રાઉન્ડ પૂર્ણ થયા બાદ .

**(બ)**૪૦% રકમ જિલ્લા કક્ષાએથી જે તે તાલુકાના ગામો સંપૂર્ણ શૌચક્રિયા મુક્ત થયાની ચકાસણી કર્યા બાદ.

**(ક)**૩૦ % રકમ રાજ્ય કક્ષાએથી આખરી ચકાસણી પૂરી થયા બાદ .

**(૩)**આ પ્રોત્સાહક રકમનું ચુકવણું ચેરમેન, જીલ્લા વિકાસ એજન્સી અનેજીલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન અને નિયામકશ્રી,જીલ્લા ગ્રામ વિકાસ ગ્રામ એજન્સીની સંપૂર્ણ દેખરેખ અને સૂપરવિઝન હેઠળ સમયબધ્ધ રીતે કરવાનું રહેશે..

**(ગ)**ચુકવણું બેવડાય નહી તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**(ઘ)**આ અંગેનો ખર્ચ સ્વચ્છ ભારત મિશનગ્રામીણની ગાઇડલાઇન્સના ફકરા: ૫.૨.૩ તથા ૫.૨.૧૧માં કરેલ જોગવાઇઓ અનુસાર કરવાનું રહેશે.

**(ચ)**આ અંગેનો ખર્ચ વર્ષ-૨૦૧૬-૧૭નાં વર્ષમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળની માંગણી ક્રમાંક:૭૧ ૨૨૧૫ ૦૨ ૧૦૫ ૦૧,માંગણી ક્રમાંક:૯૫,૨૨૧૫,૦૨,૧૦૫,૦૪ અને માંગણી ક્રમાંક:૯૬,૨૫૦,૬૦૬,૭૯૬,૦૩ હેઠળ અંદાજપત્રની કુલ રકમ રૂ.૮૦૪/- કરોડ સામે મળવાપાત્ર ૫% હિસ્સાની રકમમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૫/૦૭/૨૦૧૬ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(યુ.યુ.પઠાણ)
ઉપસચિવ(ગ્રામ વિકાસ)

**નકલ રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીનાઅગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.(પત્રદ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીનાઅગ્ર મુખ્યસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષામંત્રીશ્રી(પંચાયત)નાઅંગતસચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ(તમામ)નાઅંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીનાનાયબસચિવશ્રી,સચિવાલગાંધીનગર.
- સચિવાલયનાસર્વેવિભાગો.ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(પંચાયત),સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(બજેટ)પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગસચિવાલય,ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરીગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી-વ-અગ્ર સચિવશ્રી,ગ્રામવિકાસનીકચેરી,બ્લોકનં.૧૬/૩,ડૉ.જીવરાજમહેતાભવન,ગાંધીનગર
- વિકાસકમિશ્નરશ્રી,વિકાસકમિશ્નરશ્રીનીકચેરીબ્લોકનં.૧૧/૨,ડૉ.જીવરાજમહેતાભવન,ગાંધીનગર
- કલેક્ટરશ્રી(તમામ)(કમિશ્નર, ગ્રામવિકાસનીકચેરીમારફતે)
- જિલ્લાપ્રોગ્રામકો-ઓર્ડિનેટર-વ-જિલ્લાવિકાસઅધિકારીશ્રી ,તમામ.(કમિશનરશ્રી,ગ્રામ વિકાસની કચેરી મારફત)
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તમામ.(કમિશ્નર,ગ્રામ વિકાસની કચેરી મારફત)
- બજેટ શાખાપંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ.
- * સીસ્ટમ મેનેજરશ્રી પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઈટ પર મુકવા સારું.

ઠરાવ ક્રમાંક: એસબીએમ/૧૦૨૦૧૬/૩૯૯૨૮૭/ખ-૨ સાથેનું પરિશિષ્ટ -૧

| ક્રમ (૧) | કક્ષા (૨) | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દીઠ સભ્ય સંખ્યા (૩) | કરવાના થતાં રાઉન્ડની સંખ્યા (૪) | દિવસની સંખ્યા (૫) | ઉચ્ચક પ્રોત્સાહક રકમના દર પ્રતિદિન (૬) | જિલ્લાદીઠ કુલ રકમ (૭) | જિલ્લાની સંખ્યા (૯) | કુલ રકમ (૧૦) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | DRPs | ૨૦ | ૨ | ૧૪ | રૂ.૬૦૦/- | ૧,૬૮૦૦૦.૦૦/- | ૩૩ | ૫૫,૪૪૦૦૦/- (અંકે રુપિયા પંચાવન લાખ ચુમ્માલીસ હજાર પૂરા) |
| ૨ | BRPs | ૧૦૦ | ૪ | ૨૬ | રૂ. ૪૦૦/- | ૧૦,૪૦,૦૦૦.૦૦/- | ૩૩ | ૩૪૩૨૦૦૦૦/- (અંકે રુપિયા ત્રણ કરોડ તેંતાલીસ લાખ વીસ હજાર પૂરા) |
| ૩ | BRPs | ૧૦૦ | ૧ | ૬ | રૂ.૪૦૦/- | ૨૪,૦૦૦૦.૦૦/- | ૮ | ૧૯૨૦૦૦૦/- (અંકે રુપિયા ઓગણીસ લાખ વીસ હજાર પૂરા) |
| ૪ | CF | ૩૦૦ | ૪ | ૧૯ | રૂ.૨૫૦/- | ૧૪,૨૫૦૦૦.૦૦૦૦/- | ૩૩ | ૪૭૦૨૫૦૦૦/- (અંકે રુપિયા ચાર કરોડ સિત્તેર લાખ પચ્ચીસ હજાર પૂરા) |
| ૫ | CF | ૩૦૦ | ૧ | ૬ | રૂ.૨૫૦/- | ૪,૫૦,૦૦૦/- | ૮ | ૩૬૦૦૦૦૦/- (અંકે રુપિયા છત્રીસ લાખ પૂરા) |
| | | | | | | | કુલ | ૯૨૪૦૯૦૦૦/- (અંકે રુપિયા નવ કરોડચોવીસ લાખ નવ હજાર પૂરા) |